IJCRT.ORG ISSN : 2320-2882

INTERNATIONAL JOURNAL OF CREATIVE RESEARCH THOUGHTS (IJCRT)

An International Open Access, Peer-reviewed, Refereed Journal

# શંકરાચાર્યજીના જીવન, સમય અને કવન

શુકલ વૈભવ નરેન્દ્ર ભાઈ
સંશોધક (પીએચ. ડી.)
UGC NET /GSET સંસ્કૃત
વી.ન.દ.ગુ.યુનિવર્સિટી, સુરત

## પ્રસ્તાવના

ભારતમાં જ્યારે જ્યારે ધર્મ સંકટ આવ્યું છે અને વેદની પરંપરા ઘટી છે ત્યારે આ રાષ્ટ્રની મૂળ સંસ્કૃતિને બચાવવા ઈશ્વરના અંશ રૂપે કોઈને કોઈ મહાપુરુષે જન્મ લીધો છે શંકરાચાર્ય નો જન્મ પણ એવા જ સમયે થયો જ્યારે વેદનું ખંડન મંડળ કરવામાં આવી રહ્યું હતું. વેદની પરંપરાઓને નષ્ટ કરવાના તમામ પ્રયાસો થઈ રહ્યા હતા ત્યારે વેદાંગનું જ્ઞાન પ્રાપ્ત કરી તમામ ધર્મવિરોધીઓને ધર્મનો ઉપદેશ આપવાનું શ્રેષ્ઠ કાર્ય કર્યું હતું તો આ ઈશ્વરના અંશ સ્વરૂપ શંકરાચાર્યનું જીવન ચરિત્ર સમજવાનો પ્રયત્ન કર્યો છે.

## હેતુઓ

- સમાજનાલોકોશંકરાચાર્યજીના જીવન વિશે માહિતગાર થાય.
- સમાજનાલોકોશંકરાચાર્યજીનાજીવનમાંથીપ્રેરણામેળવે.
- લોકોશંકરાચાર્યજીનાજીવનનીવિટંબણાવિશેમાહિતગારથાય.
- શંકરાચાર્યજીનાકવનવિશેસમાજનેમાહિતગારકરવો.

ઉપરોક્ત હેતુઓને ધ્યાનમાં રાખી સંશોધન પત્રમાં નીચેના મુદ્દાઓ પર શંકરાચાર્યજીના જીવન, સમય અને કવન વિશે માહિતી આપવાનો વિનમ્ર પ્રયાસ છે.

❖ પ્રારૂપ :-

➢ પ્રસ્તાવના

1. શંકરાચાર્યનુંજીવન

1.1 બાલ્યાવસ્થા

1.2 સંન્યાસ ગ્રહણ

1.3 શિષ્યોની પ્રાપ્તિ

1.4શાસ્ત્રાર્થ

1.4.1 મંડનમિશ્ર સાથે શાસ્ત્રાર્થ

1.4.2 ઉભયભારતી સાથે શાસ્ત્રાર્થ

1.5 ઉપદેશ અને નિર્વાણ

1.6 મઠોની સ્થાપના

2 શંકરાચાર્યજીનોસમય

3. શંકરાચાર્યજીનું કવન

### 1. શંકરાચાર્યનુંજીવન

### 1.1 બાલ્યાવસ્થા

જ્યારે વિશ્વમાં ધર્મની હાની અને અધર્મ ઉત્પન થાય છે ત્યારે ઈશ્વરનો જન્મ થાય છે એ પ્રકારે શંકરાચાર્યના જન્મ સમયે સંસ્કૃતિ અજ્ઞાનના ગર્તમાં હતી

શંકરાચાર્યજીનો આવિર્ભાવ પણ આવી જ દિવ્ય ઘટના છે કેરળ પ્રદેશમાં આણવય નગરથી છ માઈલ દૂર, ચૂર્ણ નદીને કાંઠે કાલડી' નામના ગામમાં બ્રાહ્મણો નિવાસ કરતા હતા તેમાં વિદ્યાધરર નામના એક બ્રાહ્મણ રહેતા હતા. વિદ્યાધરના પુત્રનું નામ શિવગુરુ હતું. વિદ્યાધ્યયન પછી શિવગુરુએ વિવાહ ન કરવાની ઈચ્છા પ્રગટ કરી પણ ગુરુના સમજાવવાથી તેમણે વિવાહ માધપંડિતની પુત્રી આર્યમ્બા સાથે થયા. ઘણા સમય પછી પણ તેમને સંતાનનું સુખ ન મળ્યું એટલે તેઓએ ભગવાન શિવની આરાધના કરી. આરાધનાથી પસંદ થઈ ભગવાન શિવે

કહ્યું " હું જ તમારા પુત્રરૂપે અવતારીશ " એવા આશીર્વાદ આપી મહાદેવ અંતર્ધ્યાન થયા.સમયાંતરેઆર્યામ્બાએગર્ભધારણકર્યોઅનેએકબાળકનેજન્મઆપ્યો. ત્યારબાદતેમનુંનામ અગિયારમાં દિવસે શંકર પાડવામાં આવ્યું.

જન્મના પ્રથમ વર્ષે અક્ષરજ્ઞાન, બીજા અને ત્રીજા વર્ષે કાવ્ય, પુરાણને શીખ્યા. ત્યારબાદ તેમના પિતા ઉપનયન સંસ્કાર કરવા ઈચ્છતા હતા પરંતુ તે પહેલા જ શિવગુરુનું અવસાન થયું. 3 માતાએ પાંચમા વર્ષે ઉપનયન સંસ્કાર કરાવ્યા. ત્યારબાદ વેદા અભ્યાસ માટે ગુરુકૂળ મોકલવામાં આવ્યા ત્યાં વૈદિક વિદ્યા અને આનુષંગિક છ વિદ્યાઓમાં અને અન્ય શાસ્ત્રોમાં ટૂંક સમયમાં પારંગત થયા. ગુરુકૂળના નિયમ મુજબ ભિક્ષા માંગી બ્રહ્મચારી તરીકે રહ્યા.

## 1.2 સંન્યાસ ગ્રહણ

વિદ્યા સમાપ્તિ બાદ શંકરાચાર્ય પોતાના ઘરે પરત આવ્યા અને માતાની સાથે રહેવા લાગ્યા. બૃહદારણ્યક ઉપનિષદના ભાષ્યમાં શંકર પ્રત્યેકને માટે, માતા એટલે પૂર્ણ ગુરુ તેવું દર્શાવે છે. (પુત્રસ્ય સભ્યનું અનુશાસ્ત્રી અનુશાસન-Å)'શંકરને આઠમું વર્ષ પૂરું થવા આવ્યું ત્યારે સાધુઓનું એક જૂથ ઘરે મુલાકાતે આવ્યું. ખૂબ આનંદ અને સત્કારથી શંકર અને તેમની માતાએ તેમને આવકાર્યા. આ સત્કારથી પ્રભાવિત થઈ સંતો અત્યંત પ્રસન્ન થયા.

તેમણે આર્યામ્બાને શંકરનો જન્મ કયા સંજોગોમાં થયો તે સમજાવ્યુ અને મૂળ યોજના પ્રમાણે શંકરનું આયુષ્ય માત્ર આઠ વર્ષનું જ હતું હવે તે બેવડું એટલે કે સોળ વર્ષનું કરવામાં આવ્યું છે તે જણાવ્યું. આ જાણી માતા ખૂબ જ દુ:ખી થયા અને શંકરે તેમને સમજાવ્યા.

એક દિવસ શંકરાચાર્ય ઘર આંગણે વહેતી નદીમાં સ્નાન કરવા ઉતર્યા. એવામાં મગરે તેમનો પગ પકડ્યો. શંકરે માતાને બોલાવવા બૂમ પાડી. અવાજ સાંભળી માતાએ શંકરનો પગ મગરે પકડેલો જોઈ ભય અને ચિંતાથી ત્રસ્ત બની ગઈ. ત્યારે શંકરે માતાને સંન્યાસ આશ્રમમાં પ્રવેશ કરવા આજીજી કરી. જીવનની કટોકટી સમયે કે તેના અંતની વેળાએ સંન્યાસ ધારણ કરવાનો વ્યવહાર છે તેને આપદ્ સંન્યાસ કહેવાય છે. બીજો કોઇ વિકલ્પ ન રહેતા માતાએ સંન્યાસની અનુમતિ આપી. અનુમતિ મળતા શંકરે માનસિક રીતે સંન્યાસ સ્વીકાર્યો. મગરે તેમનો પગ છોડી દીધો અને શંકરાચાર્યનો બચાવ થયો.

## 1.3 શિષ્યોની પ્રાપ્તિ

ગુરુ પાસે જ્ઞાન મેળવી શંકરે કાશી તરફ પ્રયાણ કર્યું. કાશીમાં તેમને પ્રથમ શિષ્ય પ્રાપ્ત થયા.ચોલ દેશમાંથી કાશીમાં આવેલા વિષ્ણુ શર્મા નામના યુવાનને શંકરના પ્રથમ શિષ્ય થવાનું સૌભાગ્ય મળ્યું. બન્યું એવું કે વિષ્ણુ શર્મા વેદાદિનું અધ્યયન કરી મોક્ષ પ્રાપ્તિની ઈચ્છા રાખી શંકરની પાસે આવ્યો. શંકરે કહ્યું તમે કોણ છો ? ક્યાંથી આવ્યા છો ?તેનો પ્રત્યુત્તર આપી વિષ્ણુ શર્માએ શંકરની સ્તુતિ કરી. શંકરાચાર્ય તેની સ્તુતિ સ્વીકારી દીક્ષા આપી અને સનંદન નામ આપ્યું. ત્યારબાદ આ સનંદન પદ્મપાદના નામથી વિખ્યાત થયા.

શંકરાચાર્યના બીજા શિષ્ય થવાનું સૌભાગ્ય મંડનમિશ્રનેપ્રાપ્ત થયું. મંડનમિશ્ર મહાન વેદ પારંગત હતા, અને મીમાંસાના કર્મકાંડી સંપ્રદાયના ચુસ્ત અનુયાયી હતા. તેમની સાથે શાસ્ત્રાર્થ કરી શંકરાચાર્યજીએ તેમને પરાજય આપ્યો અને ત્યારબાદ મંડનમિશ્ર શંકરાચાર્યજીના અનુયાયી (શિષ્ય) બન્યા. ત્યારે તેમનું નામ સુરેશ્વર રાખવામાં આવ્યું.

ત્રીજા શિષ્ય તરીકે પ્રભાકર નામનો યુવાન પોતાના મૂંગા પુત્રને ગુરુ શક્તિથી તેને વાણી પ્રાપ્ત થાય તેવી ઈચ્છાથી શંકરાચાર્યજી સમક્ષ લાવ્યો, ત્યારે શંકરે તેમને પૂછ્યું તું કોણ છે ? તેવો પ્રશ્ન કર્યો ત્યારે પોતે આત્મસ્વરૂપ અને આ મનોભૌતિક શરીરતંત્રથી પર આત્મા છે. તેવો ઉત્તર આપ્યો

કાલનાથનામના વ્યક્તિને શંકરના ચોથા શિષ્યનું સ્થાન મળ્યું. તેમણે શંકરાચાર્યજીને પોતાને શિષ્ય તરીકે સ્વીકારવા અનુરોધ કર્યો. સુંદર પણ દુર્બોધ એવા તોટક છંદમાં તેણે શંકરની સ્તુતિ કરી અને શંકરાચાર્યજીએ તેને તોટકાચાર્ય એવું નામ આપ્યું.

## 1.4 શાસ્ત્રાર્થ

શંકરાચાર્યજીએ પોતાની યાત્રા દરમિયાન વિવિધ લોકો જોડે શાસ્ત્રાર્થ કરીને વેદ અને સનાતન ધર્મની સંસ્કૃતિને અખંડ બનાવવાના પ્રયત્ન કર્યા છે તેમાં મુખ્ય છે મંડનમિશ્ર, ઉભય ભારતી, જૈન, બૌદ્ધ, ભટ્ટભાસ્કર, નીલકંઠ જેવા વ્યક્તિ કે સંપ્રદાય. તેમાંથી કેટલાકના શાસ્ત્રાર્થ ની ચર્ચા કરીએ.

### 1.4.1 મંડનમિશ્ર સાથે શાસ્ત્રાર્થ

મંડનમિશ્ર મહાન વેદ પારંગત હતા અને મીમાંસના કર્મકાંડી સંપ્રદાયના ચુસ્ત અનુયાયી હતા. મંડનમિશ્રના ઘરને આંગણે રાખેલા મેના-પોપટ પણ વેદ સ્વતઃ પ્રામાણ્ય છે કે પરતઃ પ્રામાણ્ય ? કર્મ ફળ પ્રદાન કરે છે કે ઈશ્વર જગત નિત્ય છે કે અનિત્ય ?' વગેરે પ્રશ્નો પૂછતા હતા..

જ્યારે શંકરાચાર્ય મંડનમિશ્રના ઘરે ગયા ત્યારે તેઓ શ્રાદ્ધ વિધિ કરતા હતા અને ઘરના બારણા બંધ હતા. વિશ્વરૂપ તરીકે જાણીતા મંડનમિશ્ર સંન્યાસીને આંગણે આવેલા જોઈ ગુસ્સે થયા અને આકરા વચનો કહેવા લાગ્યા કારણ કે તેઓ સંન્યાસ આશ્રમ અને વેદાંતને ધિક્કારતા હતા. તે સમયે વ્યાસ અને જૈમિનિ મુની ત્યાં હાજર હતા. તેમણે મંડનમિશ્રને શંકરાચાર્યનું આતિથ્ય સ્વીકારવાનું કહ્યું મંડનમિશ્રને પોતાની ભૂલ સમજાય અને શ્રાદ્ધના ભોજનમાં શંકરને નિમંત્રણ આપ્યું ત્યારે શંકરે કહ્યું કે હું ભિક્ષા માટે નથી આવ્યો પરંતુ મંડનમિશ્ર સાથે ચર્ચા કરવા આવ્યો છું.બીજે દિવસે આ ચર્ચાનું આમંત્રણ મંડનમિશ્ર સ્વીકાર્યું. ચર્ચાની શરત એ હતી કે જો મંડનમિશ્ર હારે તો સંન્યાસી બને અને શંકરાચાર્યજી હારે તો પ્રાયશ્ચિત કરી કર્મકાંડી બની જાય.

### 1.4.2 ઉભયભારતી સાથે શાસ્ત્રાર્થ

જ્યારે મંડનમિશ્રની હાર થઇ ત્યારે ઉભયભારતીએ શંકરાચાર્યજીને કહ્યું કે તેમની સંપૂર્ણ હાર થઇ નથી આપ જો મને હરાવો તો જ તેમની સંપૂર્ણ હાર થાય કેમકે હું તેમની અર્ધાંગિની છું.

ત્યારબાદ શંકરાચાર્યજી ઉભયભારતી સાથે શાસ્ત્રાર્થ કર્યો જે સત્તર દિવસ સુધી ચાલ્યો. શંકરાચાર્યજીને અજેય જોઇને ઉભયભારતીએ કામશાસ્ત્ર પર પ્રશ્નો કર્યા. ત્યારે શંકરાચાર્ય કામશાસ્ત્ર જાણતા હોવા છતાં સંન્યાસીના નિયમોની રક્ષા માટે તેમણે કહ્યું કે મને એક માસની અવધિ આપોઅને ઉભયભારી ને કહ્યું કે આ પ્રશ્ન પછી તમે કામશાસ્ત્ર પર પ્રશ્નો છોડી દેશો ઉભય ભારતીય તે સ્વીકાર કર્યું. વાદ-વિવાદ પરંપરા અંતર્ગત આવી અવધી આપવાનો રિવાજ ચાલ્યો આવતો હતો)

## પરકાયા પ્રવેશ

ઉભયભારતી (સરસ્વતી) ના કામસૂત્રના પ્રશ્નના ઉત્તર માટે શંકરાચાર્યે પરકાયા પ્રવેશ કરવાનું વિચાર્યું. તે જ સમયે એક રાજા મૃત્યુ પામ્યા હતા. શંકરાચાર્યએ પોતાનું શરીર એક ગુફામાં શિષ્યોની સુરક્ષામાં મૂકી રાજાના શરીરમાં પ્રવેશ કર્યો. આ બાજુ રાજાને મૃત્યુમાંથી પાછા આવતા જોઈ સૌ કોઇ આનંદિત થયાં. મંત્રીઓને વાતની જાણ થતા સિપાહીઓને આદેશ આપ્યો કે જે કોઇ શવ પડેલું દેખાય તેને તુરંત જ સળગાવી દો કેમ કે મંત્રીઓને રાજામાં પરિવર્તન જણાય આવ્યું કેમ કે મૃત્યુમાંથી આવેલા રાજામાં સાધુત્વ પુરુષના લક્ષણ જણાય આવતા હતા માટે તેમણે સિપાઈઓને આજ્ઞા આપી.

આ બાજુ રાજાના શરીરમાં પ્રવેશ કરી. વિલાસી સુંદર સ્ત્રીઓના સહયોગથી કામશાસ્ત્રનો બરાબર અનુભવ કર્યો અને ત્યારબાદ રાજાનો કાર્યભાર તેમના પુત્રોને આપી રાજાના શરીરને છોડી અને શંકરાચાર્યરૂપી દેહની અંદર પ્રવેશ કર્યો.

શંકરાચાર્યજીની પરકાયા પ્રવેશની વાત સાંભળી ઉભયભારતી પોતાની હાર માને છે અને શંકરાચાર્યની સ્તુતિ કરે છે. સ્તુતિ કરીને ઉભયભારતી કહે છે કે હે પ્રભુ ! હું હવે મારે નિર્મળ બ્રહ્મલોક તરફ જઇશ, (વિવિધ વાતો અનુસાર એવું જ્ઞાન થાય છે કે આ ઉભયભારતીય જ સરસ્વતી નો અવતાર હતી જેને દુર્વાસા ઋષિએ ક્રોધમાં શ્રાપ આપ્યો હતો.)શંકરાચાર્યજી ઉભયભારતી (સરસ્વતી) ને કહે છે કે હે દેવી ઋષ્યશૃંગ ક્ષેત્રમાં નવનિર્મિત શૃંગેરી મઠમાં શારદા નામથી પૂજા સ્વીકારો અને ભક્તોની મનોકામના પૂર્ણ કરો. શારદા 'તથાસ્તુ' કહીને બ્રહ્મલોક તરફ પ્રયાણ કર્યું.આમ શંકરાચાર્યજીએ મંડળ મિશ્ર ઉભયભારતી તેમજ ભટ્ટભાસ્કર, નીલકંઠ, બૌદ્ધ અને જૈનેસંપ્રદાય સાથે શાસ્ત્રાર્થ કરી વેદની રક્ષા કરી હતી.

### 1.5 ઉપદેશ અને નિર્વાણ

શંકરાચાર્યજીએ શિષ્યોને અંતિમ ઉપદેશ આપતા કહે છે કે હે શિષ્યો હંમેશા વેદોનું અધ્યયન કરો. વેદમાં પ્રતિપાદિત યજ્ઞ, દાન, હોમ, જપ, તપ વગેરેનું શ્રદ્ધાપૂર્વક અનુષ્ઠાન કરો. આ શુભ કર્મો દ્વારા પરમેશ્વરની નિષ્કામ ભક્તિપૂર્વક ઉપાસના કરો. વાસના, સુખ, દુખાદિ વિષયોમાં પોતાનું મન ન લગાડો. મહાનુભાવોનો સંગ કરો. શાંતિ, દાંતિ, ઉપરતિ વગેરે ગુણોનો સંચય કરો. રાગ, દ્વેષાદિ કાર્યોનો ત્યાગ કરો. મહાવાક્યોનો અર્થનો વિચાર કરો, બ્રહ્મનિષ્ઠ મહાત્માઓ સાથે વાદવિવાદ ન કરો. શાસ્ત્રથી સંમત પથનું શ્રદ્ધાથી અવલંબન કરો.આમ, માત્ર 32 વર્ષની આયુમાં દ્વૈતવાદી મત, બૌદ્ધો, જૈનો, વૈષ્ણવો, કાપાલિકો વગેરેને શાસ્ત્રાર્થમાં પરાજય આપી દેશમાં અદ્વૈતમતની સ્થાપના કરનારા શંકરાચાર્યજીએ કેદાર ક્ષેત્રમાં પોતાની લીલાઓ સમાપ્ત કરી હતી.

1.6**મઠોની સ્થાપના**

શંકરાચાર્યજીએ સનાતન સંસ્કૃતિના પ્રચાર માટે ભારતની ચારેય દિશામાં ચાર મઠની સ્થાપના કરી. જેમાં ભારતીય સંસ્કૃતિના ગૃહસ્થ અને સંન્યાસી ધર્મના પાયાના સિદ્ધાંતો નાખ્યા. તે ચારેય મઠોનો પરિચય ટૂંકમાં મેળવવીએ.

- ગોવર્ધનમઠગોવર્ધનપીઠ - પૂર્વમાં ઓરિસ્સાના જગન્નાથપુરીમાં આવેલો મઠ છે. 'પ્રજ્ઞાનંબ્રહ્મ' આ મઠનું મહા વાક્ય છે, ઋગ્વેદને આ મઠ અંતર્ગત રાખવામાં આવ્યો છે.શંકરાચાર્યજીના પ્રથમ શિષ્ય પદ્મપાદ પ્રથમ મઠાધિપતિ હતા. આ મઠમાં સંન્યાસ લેતા સંન્યાસીઓના નામ પાછળ 'આરણ્ય' સંપ્રદાય એવું નામ અથવા વિશેષણ લગાડવામાં આવે છે.
- શૃંગેરીમઠ - આ મઠ દક્ષિણમાં રામેશ્વરમાં આવેલો છે.આ મઠનું મહાવાક્ય માઁ "अहंब्रह्मास्मि� છે. આ મઠ અંતર્ગત યજુર્વેદ ને રાખવામાં આવેલ છે.આ મઠના પ્રથમ આચાર્ય સુરેશ્વરજી હતા. આ મઠમાં સંન્યાસીના નામ પાછળ સરસ્વતી, ભારતી અથવા પૂરી જેવા વિશેષણ લગાડવામાં આવે છે.
- શારદામઠઅથવાશારદાપીઠ - દક્ષિણમાં ગુજરાતના દ્વારકામાં આવેલો મઠ છે.આ મઠનું મહાવાક્ય "तत्त्वमसि" છે.મઠ અંતર્ગત 'સામવેદ' મુખ્ય વેદ છે.આ મઠમાં હસ્તામલક શંકરાચાર્યના શિષ્ય અહીંના પ્રથમ મઠાધિપતિ હતા.અહીં મઠમાં સંન્યાસ લેનાર સંન્યાસીના નામ પાછળ તીર્થ, આશ્રમ, સંપ્રદાયના વિશેષણો લગાડવામાં આવે છે.• આમ આ મઠમાં શારદા-સરસ્વતી બધાઈની કામનાઓ મનોકામનાઓ પૂર્ણ કરે છે
- જ્યોતિરમઠઅથવાજ્યોતિપીઠ - ઉત્તર દિશામાં ઉત્તરાખંડના બદ્રીનાથમાં આવેલો મઠ છે. "अयमआत्माब्रह्म"મહા વાક્ય છે.અથર્વવેદને આ મઠ અંતર્ગત રાખવામાં આવ્યો છે. આચાર્ય તોટક જે શંકરાચાર્યના શિષ્ય હતા તે પ્રથમ મઠાધિપતિ હતા.આ મઠમાં સંન્યાસ લેનાર સંન્યાસીના નામની પાછળ પર્વત, ગીરી, સાગર જેવા વિશેષણલગાડવામાં આવે છે.

**2.શંકરાચાર્યજીનોસમય**-

ભારતીયઇતિહાસઅનેસંસ્કૃતિનાઅભ્યાસમાંશંકરાચાર્યજીનોજન્મસમયેનક્કીકરવોમુશ્કેલછે.દ્વારકા, પુરી અને કાંચી મઠની નોંધ પ્રમાણે નંદ વર્ષના વૈશાખની શુક્લ પંચમીને પરંપરા પ્રમાણેશંકરાચાર્યજીની જન્મતિથિ ગણવામાં આવે છે.'જૈન વિજય' નામના જૈન ગ્રંથમાં કુમારિલને ભટ્ટનો સમય ઈ.સ. પૂર્વે 557. શંકર અને કુમારિલની મુલાકાતનો સમય ઈ. સ. પૂર્વે 494 અને શંકરાચાર્યના નિર્વાણની ઈ.સ. 477 ની સાલ દર્શાવી છે.

આમ, અનેકવિધ મતો હોવાથી શંકરાચાર્યજીના જન્મનું વર્ષ નક્કી કરવું મુશ્કેલ છે પરંતુ વિવિધ અભ્યાસના આધારે નંદનવર્ષને જ એટલે કે ઈ.સ. પૂર્વે 509 થી 477 ની સાલ સુધીનો જ સમય શંકરાચાર્યજીના જન્મ સમય અને વર્ષ તરીકે ગણવામાં આવે છે,

**3. શંકરાચાર્યજી નું કવન**- ની કૃતિઓ વિશે આજે પણ અમુક ગ્રંથો અચોક્કસ છે શંકરાચાર્ય ના નામે અંદાજે 400 કૃતિઓ છે તેમાંથી અંદાજે 200 જેટલી કૃતિઓ શંકરાચાર્યની કૃતિઓ તરીકે ઓળખવામાં આવે છે ઘણી કૃતિઓને વિદ્વાનો વિવાદિત માને છે આદિ શંકરાચાર્યના ગ્રંથોને ત્રણ ભાગમાં વહેંચી શકાય છે જેમાં ભાષ્ય ગ્રંથો, સ્તોત્ર ગ્રંથો અને પ્રકરણ ગ્રંથો છે.

**ભાષ્ય ગ્રંથો**- પ્રસ્થાન ત્રયી ગણવામાં આવે છે તથા અન્ય ભાષા ગ્રંથો પણ લખ્યા છે. જેમાં બ્રહ્મભાષ્ય, ગીતાભાષ્ય, ઉપનિષદભાષ્ય, વિષ્ણુ સહસ્ત્રનામ ભાષ્ય, સનત સજાતીય ભાષ્ય, લલીતા ત્રીશતી ભાષ્ય, માંડુક્ય કારિકા ભાષ્ય અન્ય ગ્રંથો જેમાં તે શંકરાચાર્યના છે કે નહીં તેમાં મતભેદો છે જેમાં કૌશિતકી ઉપનિષદ ભાષ્ય, મેત્રાયણીય ઉપનિષદ ભાષ્ય, કેવલ્ય ઉપનિષદ ભાષ્ય, મહા નારાયણ ઉપનિષદ ભાષ્ય, હસ્તા મલક સ્તોત્ર ભાષ્ય, ગાયત્રી ભાષ્ય, સંધ્યા ભાષ્ય , અધ્યાત્મપટલ ભાષ્ય, વગેરે ભાષ્યોમાં સંદેહ છે.

**સ્તોત્ર ગ્રંથો** -ભગવાનને યાદ કરીએ સુંદર ગુણ ગાન ગાય છે તે સ્તોત્ર રૂપે વર્ણિત છે જેમાં ગણેશ સ્તોત્ર,શિવ સ્તોત્ર, વિષ્ણુ સ્તોત્ર ,દેવી સ્તોત્ર ,યુગલ દેવતા સ્તોત્ર ,નદી તીર્થ વિષયક સ્તોત્ર ,સાધારણ સ્તોત્ર વગેરે જેવા અનેક સ્તોત્ર લખ્યા છે.

**પ્રકરણગ્રંથો**- પ્રકરણ ગ્રંથોમાં વેદાંત તત્વજ્ઞાનના અલગ અલગ તત્વો અને સમજ આપનાર ગ્રંથોને પ્રકરણ ગ્રંથો કહેવાય છે એકંદરે 20 ગ્રંથોમાં આકૃતિઓ પ્રસિદ્ધ કરાય છે જેમાંથી 14 15 અને 16 આ ત્રણ ગ્રંથોમાં 34 પ્રકરણ ગ્રંથો પ્રસિદ્ધ કર્યા છે જેમાં 14 માં ગ્રંથમાં વિવેક ચુડા મણી અને ઉપદેશ સાહસ્ત્રી છે 15 માં ગ્રંથમાં સાત કૃતિઓ છે અને અન્ય 25 નાની કૃતિઓ છે જેને સરળતાથી સમજી શકાય છે .સામાન્ય વ્યક્તિઓને પણ વેદાંતના સિદ્ધાંતો સમજવા માટે અત્યંત ઉપકારી ગ્રંથ છે.

આમ શંકરાચાર્યના જીવન સમય અને કવન અને જોતા તેનું જીવન એટલું વિશાળ છે કે ગાગરમાં સાગર ભરવાની વાત છે તેના સમયમાં અનેક વિદ્વાનો સાથે ધર્મનો પાયો સ્થાપ્યો હતો. નાની ઉંમરમાં જ તેણે કેટલાક ગ્રંથો પણ લખ્યા અને શ્રી વિદ્યા અને ભગવાન શિવ પર અનેક સ્તોત્ર પણ લખ્યા તથા ચારેય દિશાઓમાં ધર્મની સ્થાપના અર્થે મઠો નું નિર્માણ પણ કર્યું હતું આ રીતે વેદ વેદાંગની રક્ષા માટે અનેકો પ્રયાસ કર્યા અને તમામ પ્રયાસો ફલી ભૂત પણ થયા છે એમ કહી શકાય છે

**સંદર્ભગ્રંથ સૂચિ**


1. વિવેકચુડામણી, ડો હંસાબેન પરમાર,પ્રિઝમ બુક સુરત,પ્રથમઆવૃત્તિ 2022,ISBN નંબર 9789392575211
2. શંકરાચાર્યમૂલ. લે. ડૉ. હી. એમ. પી. મહાદેવન, અનુ. પ્રા. એમ. વી. બક્ષી, નેશનલબુકટ્રસ્ટ,દિલ્હી, ૧૯૬૯.
3. વિવેકચૂડામણિ -ડૉ. હંસાએ. પરમાર, પાર્શ્વપ્રકાશન, અમદાવાદ.
4. શ્રીમદ્શંકરાચાર્યનુંતત્ત્વજ્ઞાન -પ્રા. સી. વી. રાવળ, યુનિ. ગ્રંથનિર્માણબોર્ડ, ગુજરાતરાજ્ય, અમદાવાદ-૬.